# વસંત પંચમી



- ❖ ભારતીય સંસ્કૃતિમાં ઋષિમુનિઓએ શાસ્ત્ર અને વેદોનાં વચન પ્રમાણે, એક એક દિવસનું મૂલ્ય સમજાવ્યું છે. આવો જ એક પવિત્ર અવસર એટલે મહા સુદ–પાંચમ, જેને આપણે વસંત પંચમી કહીએ છીએ.

વસંત પંચમી એટલે માનવી માટે કલ્યાણકારી ઉત્સવ. આ દિવસ એટલે વસંતઋતુનો પ્રારંભ, શ્રી સરસ્વતી માતાજીનો પ્રાદુર્ભાવ (જન્મ) તથા વિદ્યારંભ માટે ઉત્તમ તિથિ, એવો ત્રિવેણી સંગમ ઉત્સવ એટલે માનવજાતને, વિદ્યાર્થીને પ્રફુલ્લતતા પ્રદાન કરનારો ઉત્સવ.

## ❖ વસંતનો વૈભવ

ઋતુકાળ પ્રમાણે આ દિવસથી વસંત પ્રવૃત્ત થાય છે. પ્રકૃતિ ખીલવાથી માણસ તેની તરફ આકર્ષાય છે. પ્રકૃતિ ખીલવાથી જાણે પૃથ્વીએ યૌવન ધારણ કરી લીધું ન હોય તેવું લાગે. જ્યાં જ્યાં આપણી નજર જાય ત્યાં ત્યાં હરિયાળી, રંગબેરંગી ફૂલો, વાતાવરણમાં પ્રફુલ્લિતતા, ફૂલગુલાબી ઠંડી, ટાઢની વિદાય. ખરેખર આ દિવ્ય વાતાવરણથી અસ્વસ્થ માનવ સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરતો જણાય છે. જરૂર છે માત્ર આ નિસર્ગ સામે મીઠી દ્રષ્ટિ કરવાની.

વસંતમાં સરલતા, સહજતા અને નિખાલસતા છે. આવા પ્રાકૃતિક ગુણને કારણે જ માનવીને તે પ્રિય છે. શ્રીકૃષ્ણે ગીતાજીના વિભૂતિ યોગમાં કહ્યું છે ‘ઋતુઓમાં વસંત હું છું.’ આ વિધાન અનુસાર ભગવાન પોતે જ આ સમય દરમિયાન પૃથ્વી ઉપર આવીને માનવજાતને આનંદ આપવા પ્રકૃતિના રૂપમાં સર્વત્ર ફેલાઈ જાય છે.

વાલ્મીકિ રામાયણમાં પણ વસંતઋતુનું મનમોહક વર્ણન છે. આપણા કવિઓએ પણ વસંતને યૌવન તરીકે આલેખી છે. ‘યૌવન એ માનવજીવનની વસંત છે તો, વસંત એ સૃષ્ટિનું યૌવન છે.’ અર્થાત્ પ્રભુસ્પર્શી જીવનમાં નિત્ય એક જ ઋતુ હોય છે અને તે વસંત! અર્થાત્ જે વ્યક્તિએ જીવનમાં આખરી ધ્યેય તરીકે પ્રભુને સ્વીકારી લીધા છે તેના જીવનમાં હંમેશાં વસંત છે. અને તે વ્યક્તિ જ્ઞાનમાં હંમેશાં યૌવન ધારણ કરે છે.

વસંતમાં અનેક નવયુવાનો જીવનસાથીની પસંદગી કરીને લગ્નગ્રંથિથી જોડાય છે. આ રીતે નવપરિણીતોમાં સહજ આનંદ–પ્રેમનો ઊભરો આવે છે. આવો જ પ્રેમ ઉત્તમ રામચરિત માનસમાં શ્રીરામ અને સીતાજીનો વર્ણવ્યો છે. કહે છે કે રામ અને સીતાજીનો પ્રેમ સુખ અને દુ:ખ સર્વ અવસ્થામાં અદ્વૈત સાધનારો હતો. જ્યાં હૃદયને વિશ્રામ મળે તેમજ વાર્ધક્ય પણ જેના રસને હરી ન લે એવો તે પ્રેમ હતો.

**અદ્વૈત સુખદુ:ખયોરનુગુણં સર્વાષ્વવસ્થાષુ યદ્**
**વિશ્રામો હૃદયસ્ય યત્ર જરસા યિસ્મન્નહાર્યો રસ: (ઉત્તમ રામચરિત ૧/૩૯)**

## ❖ શ્રી સરસ્વતી માતાજીનું જન્મવૃત્તાંત

એક સમયની વાત છે. ભગવાન શ્રીકૃષ્ણની ચિન્મયી શક્તિ સદાય તેની સાથે નિવાસ કરતી હતી. બ્રહ્મતેજથી સો મન્વંતર સુધી તેજોમય સ્થિતિમાં હતી. શ્રીકૃષ્ણ પ્રાણોથી પણ અધિક તેને પ્યાર કરતા હતા. શ્રી કૃષ્ણનું વૃક્ષ:સ્થલ એ જ તેનું નિત્ય નિવાસ્થાન હતું. આ દેવીએ અનુકૂળ સમયે સુવર્ણ સમાન બાળક ઉત્પન્ન કર્યું. આ બાળક સુંદર હતું છતાં પણ આ બાળકનો ત્યાગ કરી દીધો. તુરંત જ કૃષ્ણ ભગવાને આ દેવીને બાળકવિહોણી થઈ જાય તેવો શ્રાપ આપ્યો, ઉપરાંત તારા તેજથી જેટલી સ્ત્રીઓ ઉત્પન્ન થશે તે તારા કરતાં પણ દિવ્ય હશે. તે તમામ સ્ત્રીઓ સંતાનવિહોણી હશે. તુરંત જ આ દેવીના જીભના અગ્રભાગથી એક મનોહર કન્યા પ્રકટ થઈ. શ્યામ વર્ણ હતો, શ્વેત વર્ણનાં વસ્ત્ર ધારણ કર્યા હતાં. તેના એક હાથમાં વીણા તથા

બીજા હાથમાં પુસ્તક ધારણ કર્યું હતું. સંપૂર્ણ શાસ્ત્રોની અધિષ્ઠાત્રી દેવી રત્નમય આભૂષણોથી વિભૂષિત હતી.

## ❖ શ્રીકૃષ્ણ દ્વારા પ્રથમ પૂજા તથા વિશેષ વરદાન

ભગવાન શ્રીકૃષ્ણે સર્વપ્રથમ પૂજા આ સ્વરૂપની કરી છે. આ માતાજીનું પૂજાવિધાન કરવાથી મૂર્ખ વ્યક્તિ પંડિત બની જાય છે. એ સમયે સરસ્વતી માતાએ શ્રી કૃષ્ણને પતિ તરીકે સ્વીકારવા દરખાસ્ત મૂકી ત્યારે શ્રીકૃષ્ણે લોકહિતાથે જણાવતા કહ્યું, તમે ભગવાન શ્રી નારાયણ પાસે પધારો, તે મારા જ અંશ છે. નારાયણ પાસે લક્ષ્મીજી ઉપરાંત આપ પણ નિત્ય નિવાસ કરો. ઉપરાંત સમગ્ર બ્રહ્માંડમાં મહા સુદ–પાંચમના દિવસે વિદ્યારંભ કરવા માટે ગૌરવપૂર્વક તમારી પૂજા થશે. આજથી જીવનપર્યંત માનવ, મનુગણ, દેવતા, મોક્ષકામી વસુઓ, યોગીઓ, સિદ્ધો, નાગો, ગંધર્વો, રાક્ષસો વગેરે ષોડ્શોપચારથી તમારી પૂજા આરાધના કરશે. કુંભમાં તથા પુસ્તકમાં તમને આહવાહિત કરશે. તમારા કવચને ભોજપત્રમાં લખી તેને સોનાની ડબ્બીમાં રાખી તેના ઉપર અષ્ટગંધ–કેસર–ચંદન વિ.થી પૂજા કરી વ્યક્તિ–વિદ્યાર્થી પોતાના ગળામાં અથવા જમણા હાથમાં ધારણ કરવાથી વિશેષ વિદ્યા પ્રાપ્ત કરશે.

આ રીતે ભગવાન શ્રી કૃષ્ણે સરસ્વતી માતાને વરદાન આપ્યું ત્યારથી આ દેવી સવિશેષ પૂજાવા લાગ્યાં. આજે પણ તમામ શાળાઓ, કલાસંસ્થાઓમાં સર્વત્ર સરસ્વતી માતાજીની મૂર્તિ છબી પરની વિશેષ પૂજા આરાધના થાય છે.

## ❖ યાજ્ઞવલ્કયજી દ્વારા સરસ્વતી પૂજા

કોઈ કારણોસર યાજ્ઞવલ્કયજી ગુરુના શાપથી વિદ્યાર્થી નષ્ટ થઈ ગયા હતા. તેમની તમામ વિદ્યા જીર્ણ થઈ ગઈ. તે સમય આ ઋષિ લોલાર્ક કુંડ ઉપર જઈ સૂર્યદેવની સ્તુતિ કરી. સૂર્યદેવે વેદ–

વેદાંગોનું જ્ઞાન આપ્યું. સૂર્યદેવની સૂચના પ્રમાણે સરસ્વતી માતાની વિશેષ પૂજા તેના કવચનું અનુષ્ઠાન તથા સ્તુતિ કરવા જણાવ્યું યાજ્ઞવલ્કયજીએ સૂર્યદેવની ભલામણ મુજબ સરસ્વતી કવચથી તેમજ વિશેષરૂપમાં સ્તુતિ કરી. સરસ્વતી માતાજીને પ્રસન્ન કર્યાં અને વિશેષરૂપથી કૃપાપાત્ર બન્યા. ગુરુદેવ બ્ґહસ્પતિ સમાન તેજોમય ધારણ કર્યું. યાજ્ઞવલ્કયજીએ જે સ્તક્ષેત્ર ગાયું તે સ્તક્ષેત્ર એક વર્ષ સુધી જો કોઈ વ્યક્તિ ગાય ક ે પાઠ કરે તો મૂર્ખમાં મૂર્ખ વ્યક્તિ પંડિત થઈ સુશ્રુત બની જાય છે.

## ❖ વિદ્યારંભ તિથિએ સવિશેષ આરાધના

આ દિવસે વિદ્યાર્થીએ શુભ સંકલ્પ કરી ભગવાન શ્રીકૃષ્ણે કવશાખામાં બતાવ્યા પ્રમાણે ષોડ્શોપચારથી પૂજા કરવી. આરાધકે વસંત પંચમીના દિવસે પ્રાત:કાળમાં ઊઠી સ્નાન આદિ પૂર્ણ કરી શુભમૂહુર્તમાં બાજઠ અથવા પાટલા ઉપર સફેદ આસન પાથરી તેના ઉપર માતાજીની મૂર્તિ અથવા છબી મૂકવી, ત્યારબાદ કુંભમાં અથવા પુસ્તકમાં માતાજીનું આહ્વાન કરવું. ભોજપત્ર ઉપર સરસ્વતી યંત્ર તૈયાર કરવો. તેની ષોડ્શોપચારથી પૂજાવિધિ કર્યા બાદ સ્ફટિક મોતીની માળાથી નીચેના કોઈપણ મંત્રનું અનુષ્ઠાન કરી શકાય.

**ઓમ શ્રી હ્રીં સરસ્વત્યૈ સ્વાહા**

**ઓમ વિદ્યાદેવી સરસ્વતી વરદે કામરૂપિણી**
**વિદ્યારંભ કરીશ્યામી સિદ્ધિર ભવતુ મે સદા**

**ઓમ સરસ્વતી મયા દ્રષ્ટવા વિણા પુસ્તક ધારિણી**
**હંસ વાહનં સંયુક્તાં વિદ્યાદાનં કરી તું મે**

**જ્ઞાનાનન્દ મયં દેવં નિર્મલ સ્ફટિકા કૃતિમ**
**આધારં સર્વ વિદ્યાનાં હયગ્રીવમુપાસ્મહે**

આ ઉપરાંત નીચેનો મંત્ર બોલતાં તુલસી અને કેસર નિશ્ચિત જળથી સરસ્વતી મંત્ર ઉપર અભિષેક કરી તે જળ વિદ્યાર્થીએ તીર્થનાં રૂપમાં ધારણ કરવું. મંત્ર

**એક દંત મહાબુદ્ધિ સર્વ સૌભાગ્ય દાયક :**

**સર્વ વિદ્યા પ્રાપ્તિ કરો દેવા ગૌરીપુત્રો વિનાયક:**

**(૧૦૮ વખત મંત્ર બોલવો)**

આ રીતે અનુષ્ઠાન પૂર્ણ થયા બાદ સરસ્વતી કવચના પાઠ તેમજ પ્રાર્થના અને સ્તુતિ કરવી.

## ❖ - શ્રી સરસ્વતી સ્તુતિ :

**યા કુન્દેન્દુ તુષાર હાર ધવલા યા શુભ વસ્ત્રાવૃતા**
**યા વિણા વરદંડ મંડિત કરા યા શ્વેત પદ્માસના**

આ રીતે યૌવન અને સંયમ, આશા અને સિદ્ધિ, કલ્પના અને હકીકત, જીવન અને કવન, ભક્તિ અને શક્તિ, સર્જન અને વિસર્જન આ સર્વેનો સમન્વય સાધતો, આપણા જીવનમાં સૌંદર્ય, સંગીત, સ્નેહ, પ્રેમ અને વિદ્યા તથા તેજિસ્વતા પ્રગટાવતો વસંત આપણા જીવનમાં ખીલે અથવા તો આ વસંત ખીલવવા આપણે હંમેશાં પ્રયત્નશીલ રહીએ ત્યારે જ વસંતને આપણે જાણી છે અને માણી છે. અસ્તુ...

ધાર્મિક સ્થળો અને દેવમંદિરોમાં વસંત પંચમીનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવે છે. ઋતુરાજ વસંતઋતુનું આગમન થતું હોવાથી મહા સુદ પાંચમના દિવસે આ વ્રત–ઉપાસનાનું આયોજન કરવામાં આવે છે. આજે ભગવાન વિષ્ણુની પૂજા તથા અન્ય દેવમંદિરોમાં ઈષ્ટદેવોની પૂજા અબીલ–ગુલાલ અને સુગંધી દ્રવ્યો વડે નીચે આપેલ શ્લોકમંત્ર બોલીને કરવામાં આવે છે:

**ॐ शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं**
**विश्वाधारं गगनसदृशं मेघवर्णं शुभाङ्गम् ।**
**लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यानगम्यं**
**वन्दे विष्णुं भवभयहरं सर्वलोकैकनाथम् ॥**

ૐ શાન્તાકારં ભુજગશયનં પદ્મનાભં સુરેશં
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાઙ્ગમ્ ।
લક્ષ્મીકાન્તં કમલનયનં યોગિભિર્ધ્યાનગમ્યં
વન્દે વિષ્ણું ભવભયહરં સર્વલોકૈકનાથમ્ ॥

વસંત પંચમીનું વ્રત કરનારને ઉપરોક્ત શ્લોક આવડતો ન હોય તો બ્રાહ્મણો ઉચ્ચ સ્વરે આ શ્લોક બોલે અને વ્રતીએ બે હાથ જોડીને તેનું શ્રવણ કરવું. મંત્ર પૂર્ણ થયા પછી આરતી ઉતારી પ્રસાદ ધરાવવો અને ભગવાન વિષ્ણુને કે ઈષ્ટદેવને વારંવાર વંદન કરવા.

ત્યાર પછી બ્રાહ્મણોનું અર્ચન–પૂજન કરી તેમને દાન–દક્ષિણા આપી પ્રસન્ન કરવા રાત્રે વસંત પંચમી વ્રત–મહિમા સાંભળવો અને ભજન કીર્તન કરવાં.

વસંત પંચમીનું વ્રત એ માત્ર વ્રત જ નહિ પરંતુ વ્રત–પર્વ પણ છે. મહા સુદ પાંચમ એ તો પતિ–પત્નીનું મહાપર્વ કહેવાય. આ દિવસે કામદેવ અને રતિનું સુગંધિત પુષ્પો અને આંબાના મોરથી પૂજન કરવું. અન્યોન્ય પ્રેમની વૃદ્ધિ માટે ભગવાનને પ્રાર્થના કરવી. રંગબેરંગી વસ્ત્રો પરિધાન કરવાં, શણગાર

સજવાં અને રંગબેરંગી ચિત્રો તથા ધજા–પતાકાથી ઘરને શણગારવું. વસંત પંચમી એ વસંતોત્સવનો પ્રથમ દિવસ ગણાય છે. વસંતઋતુ એટલે સૃષ્ટિની નવ ચેતના, યૌવનકલગી કહેવાય. વસંતના પગલાં પગલાં મંડાય એટલે દેવ–મંદિરોમાં અને સમગ્ર પૃથ્વી પર નવું ચેતન આવે છે. મંદિરોમાં ભાવિક ભક્તો અને વ્રતધારીઓ વસંતના વધામણાં કરી રમણે ચડે છે. વસંતદેવને સત્કારવા, વસંત પંચમીનું વ્રત કરવા સમગ્ર સૃષ્ટિમાં ખૂબ ઉત્સાહ અને ઉત્સવ પ્રવર્તે છે.

વૃક્ષ–વનસ્પતિમાં નવું ચેતન ઊભરાય છે, ડાળી ડાળીએ નવું જીવન રેડાય છે. લીલા પર્ણો ફૂટે છે, આમ્રવૃક્ષોનો ઉત્સાહ સમાતો નથી. વૃક્ષોમાં પણ જીવ છે. વિવિધ પુષ્પોની સુગંધથી વાતાવરણ છલકાય છે. વસંતઋતુના કામણ પણ અજબ હોય છે. રૂપ, રસ, રંગ, સુગંધ, પંચમસ્વર વગેરેની વસંત પંચમીના દિવસે રંગત જામે છે. ઉત્સવ–સમૈયાનું આયોજન કરવામાં આવે છે. ઋતુરાજ વસંતનો વિજય થાય છે. ભલભલા મુનિવર્યોને કે મુનિવરોને વસંતે પીગળાવી નાંખ્યાં છે.

હિમાલયમાં તપ કરતા શંકર ભગવાનનો તપોભંગ કરવા કામદેવને વસંત ઋતુની જ મદદ લેવી પડી હતી. ભગવાન શંકરે ત્રીજું નેત્ર ખોલી કામદેવને ભસ્મ કરી નાખ્યો હતો! પાંડુરાજા કુંતા અને માદ્રી સાથે વાનપ્રસ્થાશ્રમ વ્યતીત કરે છે ત્યારે કુંતાજી કંઈ કારણસર બહાર ગયા હોય છે. માદ્રીએ ઝીણાં વલ્કલ વસ્ત્રો ધારણ કર્યા હોય છે. વસંત ઋતુનું આગમન થયું હોય અને કામદેવનો નહિ પણ વસંતનો વિજય થાય છે. પાંડુરાજા અને માદ્રીનું નૈતિક સ્ખલન થાય છે અને ઋષિના શાપને લીધે મૃત્યુને ભેટે છે.

વસંત પંચમીના રોજ વ્રતધારીએ ભગવાન વિષ્ણુની પ્રેમપૂર્વક પૂજા કરી, સુંદર વસ્ત્રો પરિધાન કરી, ભગવાનને નૈવેદ્ય ધરાવી, સ્ત્રી અને પુરુષોએ પિતૃઓને સંતૃપ્ત કરી બ્રાહ્મણોને દાન–દક્ષિણા આપી રાજી કરવા. વસંત પંચમીના વ્રત–વિધિનું અનેરું, અનોખું અને અલૌકિક માહાત્મ્ય છે.